

આજે દેવદિવાળીએ દેવતાગણ ધરતી પર દિવાળી ઊજવવા આવે છે!



દેવ દિવાળી 24 નવેમ્બર 2026 મંગળવારે ઊજવાશે.

દેવ દિવાળીના દિવસે દેવતાગણ ધરતી પર દિવાળી ઉજવવા આવે છે. એટલા માટે તેને દેવતાઓની દિવાળી કહેવાય છે.

કહેવાય છે કે, દર વર્ષે દેવ દિવાળીના દિવસે ભગવાન શિવની નગરી-કાશીમાં દેવતાગણ ગંગાકિનારે દીવો પ્રગટાવવા માટે આવે છે. દેવતાઓના સ્વાગતમાં જ આ દિવસે ગંગા ઘાટથી માંડીને મંદિર અને ઘરોમાં દીવા પ્રગટાવવામાં આવે છે.

દર વર્ષે કારતક માસની પૂનમ તિથિએ દેવ દિવાળી પર્વ ઉજવાય છે. આ દિવસે દિવાળીની જેમ જ ઘરોમાં દીવા પ્રગટાવવામાં આવે છે. બનારસ એટલે કે કાશીમાં દેવ દિવાળી ભવ્ય અને ધૂમધામથી ઉજવવામાં આવે છે. આ દિવસે કાશીના બધા ઘાટોને દીવાથી સજાવવામાં આવે છે. દેવ દિવાળીને દેવ દીપાવલિ પણ કહે છે.

કાળચક્ર

યજ્ઞાનંદ

દેવ દીપાવલિના દિવસે બધાં દેવી-દેવતાઓ ધરતી પર ઊતરે છે. એવામાં દેવી દેવતાઓના સ્વાગતની ખુશીમાં લોકો દીવા પ્રગટાવે છે.

દેવ દીપાવલિના દિવસે ભગવાન શિવની પૂજાનું વિશેષ મહત્ત્વ છે. આ દિવસે દાન પણ કરવામાં આવે છે. આમ કરવાથી શુભ ફળોની પ્રાપ્તિ થાય છે.

પંચાંગ અનુસાર કારતક માસના સુદ પક્ષની પૂનમ (પૂર્ણિમા) તિથિનો આરંભ 23 નવેમ્બરે રાત્રે 8:23 વાગ્યે સમાપ્ત થશે. તેથી દેવ દિવાળી 24 નવેમ્બરે ઉજવાશે.

*** દેવ દિવાળી મુહૂર્ત**

દેવ દિવાળીના દિવસે દીવા પ્રગટાવવા માટે 'પ્રદોષ કાળનું મુહૂર્ત' સૌથી ઉત્તમ માનવામાં આવે છે. 24 નવેમ્બરે પ્રદોષ કાળ મુહૂર્ત સાંજે 5:08 મિનિટથી રાત્રે 07:47 મિનિટ સુધી રહેશે.

દેવ દીપાવલિમાં મંદિર, ઘરના મુખ્ય દ્વાર અને આંગણામાં દીવો જરૂર પ્રગટાવવો જોઈએ. આ દિવસે દેવી-દેવતાઓ અને ઈષ્ટ દેવના નામનો પણ દીવો પ્રગટાવવો જોઈએ.

દેવ દીપાવલિના દિવસે 11,21,51 કે 108 દીવા પ્રગટાવવા. તમે ઇચ્છો તો તેનાથી વધારે દીવા પણ પ્રગટાવી શકો છો.

*** દેવ દિવાળી કેમ ઉજવવામાં આવે છે।**

પૌરાણિક કથા અનુસાર ત્રિપુરાસુર નામનો એક રાક્ષસ હતો જેણે પોતાની શક્તિના બળ પર સ્વર્ગ સહિત ત્રણેય લોક પર પોતાનો અધિકાર જમાવી દીધો હતો.

તેના આતંકથી દેવતાગણ પણ હેરાન-પરેશાન થઈ ગયા હતા... એટલે બધા દેવતાગણ ભગવાન શિવના શરણમાં પહોંચ્યા અને તેમને મદદ માટે પ્રાર્થના કરી... ત્યારબાદ ભગવાન શિવે ત્રિપુરાસુરનો વધ કર્યો. ત્રિપુરાસુરના અંત થવાથી ખુશીમાં આનંદમાં બધા દેવતાઓએ ભગવાન શિવનું ધામ-કાશીમાં પહોંચીને તેમને ધન્યવાદ આપ્યા અને ગંગાકિનારે દીવા પ્રગટાવ્યા. કહેવાય છે કે, ત્યારથી જ આ દિવસને દેવ-દીપાવલિના નામથી ઓળખવા લાગ્યા. જે દિવસે ત્રિપુરાસુરનો વધ થયો હતો તે દિવસ કારતક મહિનાની સુદ પક્ષની પૂનમ તિથિ હતી.

* દેવ દીપાવલિનું ધાર્મિક મહત્ત્વ

શાસ્ત્રોમાં કારતક પૂનમના દિવસે પવિત્ર નદીઓમાં સ્નાન અને દીપદાન કરવાનું વિશેષ મહત્ત્વ બતાવ્યું છે. આ દિવસે દીવા પ્રગટાવવાથી જાણ્યે-અજાણ્યે થયેલાં પાપોનો નાશ થાય છે અને વ્યક્તિને શુભ પરિણામ મળે છે. આ સિવાય દેવ દીપાવલિમાં દાન કરવાનું પણ શુભ માનવામાં આવે છે. મંદિર કે ગરીબ લોકોને દાન કરવાથી ધનલાભના યોગ બને છે અને સુખ-સમૃધ્ધિમાં વૃધ્ધિ થાય છે.

* જો તમે તમારાં ઘર વાસ્તુ દોષનો સામનો કરી રહ્યા હો તો દેવ દીપાવલિના દિવસે ઘરમાં ગંગાજળનો છંટકાવ કરવો. આ ઉપાય કરવાથી ઘરમાં સકારાત્મક ઊર્જાનો સંચાર થાય છે અને શુભ પરિણામ મળે છે.

* જ્યોતિષશાસ્ત્રમાં બુધ ગ્રહને બુધ્ધિ, વાણી અને વેપારનો કારક માનવામાં આવે છે. જો તમારી કુંડળીમાં બુધ ગ્રહને મજબૂત કરવા ઇચ્છતા હો તો ગાયને લીલો ચારો અને ગોળ ખવડાવવો. આ ઉપાય કરવાથી ધંધા-કારોબારમાં લાભ મળે છે.

* શિવપૂજા અને અભિષેકઃ દેવ દીપાવલિના દિવસે ભગવાન શિવ અને મા પાર્વતીની વિધિ-વિધાનથી પૂજા કરવી. શિવલિંગ પર ગંગાજળ, દૂધ અને બિલીપત્ર અર્પણ કરવું.

* **તુલસીની પૂજાઃ** સાંજના સમયે તુલસીના છોડ પાસે ઘીનો દીવો પ્રગટાવવો અને તેની પરિક્રમા કરવી. તેનાથી ઘરમાં સુખ-શાંતિ જળવાઇ રહે છે.

* **દાન-પુણ્યઃ** આ દિવસે જરૂરિયાતોને અન્ન, વસ્ત્ર અને દીવાનું દાન કરવું. તે અત્યંત શુભ અને પાપોનો નાશ કરનાર માનવામાં આવે છે.

રાજકારણમાં સફળતા મેળવવા માટે સચોટ ને સરળ સાધના પ્રયોગ

રાજકારણમાં સફળતા માટે ઘણાં બધાં લોકો પ્રયત્નો કરતાં હોય છે પરંતુ તેમાંથી કોઈ-કોઈ જ સફળ થઈ શકે છે.

રાજનીતિ જોડે સંબંધ રાખનાર વ્યક્તિની કમાન-જનતાના હાથોમાં રહે છે અને જનતા વ્યક્તિનું તેજ, પ્રભાવ અને મંત્ર-મુગ્ધ કરી દેનાર પ્રભાવિત થાય છે !

જો તમે પણ એક રાજકારણી વ્યક્તિ હો તથા પોતાનું તેજ, પ્રભાવને વધારવા ઈચ્છતા હો તો તમે આ સાધનાનો પ્રયોગ કરી શકો છો. આ ૪૦ દિવસની સાધના બાદ તમે પોતાની અંદર એક અદ્ભુત ફેરફાર અનુભવશો.

લોકો તમારી તરફ આકર્ષિત થશે. તમારી પ્રતિભાનું ખરું નિરીક્ષણ કરવાનું શરૂ થઈ જશે તથા તમે રાજકીય ક્ષેત્રે એક મુકામને પ્રાપ્ત કરી શકો છો.

આ સાધના પ્રયોગને કારતક મહિનાની પૂર્ણિમાથી શરૂ કરવાનો છે. સાધના માટે દરરોજ એક તાંબાના લોટામાં પાણી ભરીને તેમાં ગોળ ભેળવવો તથા એક લાલ રંગનું ફૂલ પણ મૂકીને સૂર્ય ભગવાનને અર્ઘ્ય આપવું. અર્ઘ્ય આપ્યા પછી સૂર્ય ભગવાનની સામે જ બેસીને નીચે આપેલો મંત્ર ૪૮ વાર બોલવો.

ॐ શ્રી આદિત્યાય નમઃ

મંત્ર જપ બાદ પોતાની નજીકના શિવમંદિરમાં જઈને ૧૪ વાર ૐ નમઃ શિવાય મંત્રનો જપ કરતાં કરતાં શિવલિંગ પર પારદ મોતીને ચઢાવવું અને અડધું હૃદય શિવલિંગ પર ચઢાવતાં ચઢાવતાં પારદ મોતીને લઈ આવવું તથા તેને પોતાના ઘરમાં સુરક્ષિત મૂકવું.


બીજા દિવસે પણ આ પ્રમાણે કરવાનું છે. ઉપર જણાવ્યા અનુસાર સૂર્ય ભગવાનને જળ તથા મંદિરમાં શિવલિંગ પર ચઢાવવા માટે બીજું પારદ મોતી લઈને જવાનું છે. જ્યારે ૪૦ દિવસ આ પ્રમાણે પૂર્ણ થાય તો તેના બીજા દિવસે તે બધા ૪૦ પારદ મોતીને જેને તમે મંદિરના શિવલિંગ પર ચઢાવીને ઉઠાવી લાવ્યા હતા તેને સર્વ સ્નાતરંગના દોરામાં પરોવીને માળા બનાવી દેવી તથા જે શિવમંદિર પર તમે જે પારદ મોતી ચઢાવ્યાં હતાં તેની બહાર મંદિરની ચારે તરફ ૧૧ ચક્કર મારીને મંદિરની અંદર જઈને શિવજી સમક્ષ તે માળાને ધારણ કરી લો.

ધ્યાન રાખવા જેવી બાબત એ છે કે, આ ૪૦ દિવસની સાધના દરમિયાન જેટલા રવિવાર આવે તે દિવસે ૧૧ પૂરી અને શાક ઘરે જ બનાવીને ગરીબોને જમાડવા.

સાધના દરમિયાન શારીરિક, મન, મુખ અને આચારશુદ્ધિનું ધ્યાન રાખવું. સંપૂર્ણ શ્રદ્ધા, લગન અને વિશ્વાસની સાથે આ સાધના પ્રયોગ કરવાથી તમારો મનોરથ પૂર્ણ થશે.

જે વ્યક્તિ ચૂંટણી લડવા ઈચ્છે છે તથા પોતાના મનોરથ માટે પ્રયાસ કરતા હોય તે આ સાધના અવશ્ય કરે.

કારતક મહિનાની પૂર્ણિમાના દિવસે આ સાધનાના પ્રયોગની શરૂઆત ના કરી શકો તો બીજા કોઈ અતિ-વિશેષ મુહૂર્તમાં કરી શકો છો. પુષ્ય, ગુરુપુષ્ય અથવા કોઈ પણ મહિનાના શુક્લ પક્ષના સમયે શરૂઆત કરીને લાભ લઈ શકો છો.



યંત્ર-મંત્ર-તંત્ર

યજ્ઞેશ ત્રિવેદી

હજુ ચૂંટણી જાહેર નથી થઈ ત્યાં તો રાજકારણીઓમાં અત્યારથી ચેતન આવી ગયું છે. સાચો-ખોટો વિરોધ પણ કરીને આગળ આવવા પ્રયત્નો ઘણા કરે છે. પરંતુ ઘણી મહેનતના અંતે નિષ્ફળતા અને નિરાશા હાથમાં લાગે છે ત્યારે આ પ્રયોગ રાજકારણના ક્ષેત્રમાં આગળ વધવા આશાનું કિરણ છે

કારતક માસને બારેય મહિનામાં સૌથી ઉત્તમ બતાવવામાં આવ્યો છે

કારતક માસ અને કારતક પૂર્ણિમાનો કોઈ અંત નથી. શાસ્ત્રોમાં કહેવાયું છે કે બારેય માસમાં માગશર માસ અત્યંત પુણ્યપ્રદ છે. તેનાથી વધારે પુણ્ય ફળ આપનાર નર્મદા તટ પર વૈશાખ માસ બતાવ્યો છે. તેનાથી લાખ ગણું વધારે ફળ માસ અને કારતક પૂર્ણિમાનું મોટું માહાત્મ્ય બતાવ્યું છે. સનાતન કાળથી જ કારતક માસમાં વ્રત કરવાનું વિધાન ચાલતું આવ્યું છે. આજે પણ લાખો પરિવારોમાં સ્ત્રી, પુરુષ કારતકમાં આખો માસ વ્રત કરે છે.



સ્વયં ભગવાન વિષ્ણુએ કહ્યું પણ છે કે, ''એક તો એકાદશીનો ઉપવાસ અને બીજું કારતક માસનું મહત્ત્વ... આ બે વ્રત મને ઘણાં જ પ્રિય છે. તે પુણ્ય ઉત્પન્ન કરનારું, પુત્ર અને સંપત્તિ આપનાર તથા ભોગ અને મોક્ષ આપનાર છે.

કારતક પૂર્ણિમાવાળા દિવસે ગંગાજી કે અન્ય કોઈ પવિત્ર સરોવરમાં વ્રતી પુરુષે સ્નાન કરવું જોઈએ. સ્નાન કર્યા બાદ વિધિપૂર્વક દેવતા, ઋષિ, મનુષ્ય તથા પિતૃઓનું તર્પણ કરવું. કારતક માસમાં પિતૃતર્પણના સમયે જેટલા તલનો ઉપયોગ કરવામાં આવે છે એટલાં જ વર્ષો સુધી પિતૃઓ સ્વર્ગલોકમાં રહે છે.

જડીબુટ્ટી

નજુમી

કારતક માસમાં સુદ પક્ષમાં જે અંતિમ ત્રણ પુણ્યમયી તિથિઓ છે તે... તેરસ, ચૌદશ, અને પૂર્ણિમા કલ્યાણ કરનારી માનવામાં આવે છે. તેમની અતિ પુષ્કરિણી સંજ્ઞા છે. તે બધાં પાપોનો નાશ કરનારી છે. શાસ્ત્રો-પુરાણો અનુસાર કારતક પૂર્ણિમાના દિવસે પવિત્ર નદી, સરોવર તેમજ ધર્મસ્થાનમાં જેમ કે ગંગા, યમુના, ગોદાવરી, નર્મદા, ગંડક, કુરુક્ષેત્ર, અયોધ્યા, કાશી, પ્રયાગમાં સ્નાન કરવાથી વિશેષ પુણ્યની પ્રાપ્તિ થાય છે.

કારતક માસને બારેય મહિનામાં સૌથી ઉત્તમ બતાવવામાં આવ્યો છે. ''કારતક માસ જેવો કોઈ મહિનો નથી... સત્યયુગ જેવો કોઈ યુગ નથી.... વેદો જેવું કોઈ શાસ્ત્ર નથી અને ગંગા જેવું બીજું કોઈ તીર્થ નથી.''

કારતક પૂર્ણિમાએ સ્નાન, દાન અને તર્પણ દ્વારા પોતાનાં પિતૃઓને મોક્ષની ઇચ્છા કરવામાં આવે છે. આ દિવસે દીપદાન અને તર્પણ કરવાથી પિતૃઋણમાંથી વ્યક્તિને મુક્તિ મળે છે અને

આજે કારતક પૂર્ણિમાએ સ્નાન, દાન અને તર્પણ દ્વારા પોતાનાં પિતૃઓની મોક્ષની ઇચ્છા કરાય છે, કારતક-માગશર શ્રીહરિ વિષ્ણુને પ્રિય હોવાથી વિષ્ણુ પૂજા અને હવન કરાવવાથી ચમત્કારિક ફળ મળે છે

સાથે સાથે દેવતાઓના આશીર્વાદ પણ.

કારતક પૂર્ણિમા ત્રિપુરી પૂર્ણિમા કે ગંગાસ્નાનથી પણ ઓળખાય છે. આજના દિવસે કૃતિકામાં શિવ-શંકરના દર્શન કરનારા 7 જન્મ સુધી વ્યક્તિ જ્ઞાની અને ધનવાન બને છે. એટલે તેને 'મહા કારતિકી પૂર્ણિમા' કહેવાય છે. આ દિવસે ચંદ્ર જ્યારે આકાશમાં ઊગતો હોય તે સમયે શિવા, સંભૂતિ, સંતતિ, પ્રીતિ, અનસૂયા અને ક્ષમા આ છ કૃતિઓનું પૂજન કરવાથી શિવજીની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. આ દિવસે ગંગાજીમાં સ્નાન કરવાથી પણ આખું વર્ષ સ્નાન કરવાનું ફળ મળે છે.

* કારતક, માગશર, પોષ મહિનો ભગવાન શ્રીહરિ વિષ્ણુનો છે. તેમના આ પ્રિય મહિનામાં ભક્તો પુરુષ સૂક્તના પાઠથી વિષ્ણુ હવન કરાવે તો તે ભક્તનાં ચમત્કારિક રીતે દુઃખો દૂર થવા લાગે છે.

* કારતક વદમાં કે માગશર મહિનામાં પિતૃઓ માટે જે વ્યક્તિ નારાયણ બલિ કરાવે તો તેના પિતૃઓ તુરંત જ સદ્ગતિ અને મોક્ષ પામે છે.... કારણ કે નારાયણ બલી એટલે નારાયણ ભગવાન - શ્રીહરિ વિષ્ણુજી જ થાય છે તેમના પૂજન અને મંત્રોથી પિતૃઓની વિધિથી તમારા પિતૃઓ દુઃખી થતાં નથી અને તમે દુઃખી હો તો તેમના આશીર્વાદથી સુખી થઇ જાવ છો!!

* કોઇ મનુષ્ય મૂર્ખ હોય તે આ પવિત્ર માસનો લાભ ના લે... ભગવાને મનુષ્ય દુર્લભ અવતાર આપ્યો છે... દુઃખના દહાડામાંથી બહાર ઝડપથી નીકળવા માટે આવા પવિત્ર મહિનાઓ આપ્યા છે. ફક્ત તેનો લાભ લઇને સુખી થઇ જવાય!!

ભૂમિઃ સુખી અને દુઃખી કરતા દોષ કયા કયા છે? તેનું નિવારણ શું છે?

સમસ્યા અને સમાધાન

વાય.જે.ટી.

ભૂમિના પ્રકારો

પૂર્વ દિશા તરફ ઢળતી જમીન - ધન, ધાન્યની પ્રાપ્તિ, વૈભવ અને સમૃદ્ધિ આપે છે.

ઉત્તર દિશા તરફ ઢળતી જમીન માન, ધન, યશ, કીર્તિ અને શાંતિ આપે છે.

પશ્ચિમ દિશા તરફ ઢળતી જમીન માન-કુટુંબનાં સભ્યોને ઘણાં કષ્ટો આપે છે.

દક્ષિણ દિશા તરફ ઢળતી જમીન - અશુભ સમય લાવે છે.

ભૂમિદોષના પ્રકારો

(૧) દેવદોષઃ ધંધો બરાબર ચાલે પરંતુ નફો ના થાય. મન અશાંત રહે.

(૨) દાનવદોષઃ ધંધામાં વારંવાર ચડતી-પડતી આવે... કુટુંબમાં અશાંતિ રહે.

(૩) યક્ષદોષઃ ધન ઘણું આવે પરંતુ તે ધનનો મોજશોખ કે મકાન, મિલકત કે મશીનરીમાં જ વધારે ખર્ચાઈ જાય.

(૪) પ્રેતદોષઃ મશીનરીમાં વારંવાર ભાંગતૂટ થાય. ભાગીદારોમાં તથા ઘરમાં પિતા-પુત્રનો, ભાઈ-ભાઈનો,પતિ-પત્નીને કાયમ મત-ભેદ અને કલેશ થાય.

(૫) ભુજંગદોષઃ કારખાનાં તથા મકાનમાં જતાં ખરાબ વિચારો આવે... માણસો તેમ જ કામદારોનાં અકસ્માતથી મરણ થાય.

(૬) ગંધર્વદોષઃ ગમે તેટલી કમાણી છતાં અસંતોષ રહે. પુરુષ સંચાલકો કામ તથા ન કળી શકાય તેવા બોજા હેઠળ થાકેલા અને શક્તિહીન રહે.

(૭) અસુરદોષઃ આવા દોષવાળી જગ્યામાં વારંવાર અકસ્માત થાય. ધંધાકીય કે સરકારી મુશ્કેલીઓ આવે.

ભૂમિદોષોનું નિવારણ

(૧) દેવદોષ નિવારણઃ શ્રીગણેશ અથવા ચંડીનું જ મંદિર બનાવી, તેની પ્રાણ-પ્રતિષ્ઠા કરી તેનું નિત્ય પૂજન કરવું. દરરોજ નૈવેદ્ય ધરાવવું તથા દેવના તહેવારને દિવસે યજ્ઞ કરીને દાન આપવું અને એ જ ભૂમિમાં બ્રહ્મભોજન કરાવવું.

(૨) દાનવદોષ નિવારણઃ શ્રીહરિનો વિષ્ણુ યાગ કરાવવો. એક તાંબાના પતરામાં ૧૬ અરાવાળું ચક્ર બનાવી, તેની પૂજા, પ્રતિષ્ઠા વિષ્ણુ સ્વરૂપ કરવી. વિષ્ણુના પુરુષ સૂક્ત, વિષ્ણુ સહસ્ર વગેરે પાઠ કરાવવા. ટૂંકમાં, નાનો વિષ્ણુ હવન કરી દો તોપણ ઘણી રાહત જોવા મળે.

(૩) યક્ષદોષ નિવારણઃ આ દોષના નિવારણ માટે શ્રી કુબેર યંત્રની પ્રાણ-પ્રતિષ્ઠા, પૂજા કરીને યંત્ર સમક્ષ 'ૐ નમો ભગવતે કુબેરાય યક્ષરાજ મમ પર કૃપા પ્રસાદ કુરુ કુરુ સ્વાહા' મંત્રનો દસ હજાર જાપ કરી તે યંત્રને જગ્યાની મધ્યમાં સવા બે ફૂટનો ખાડો કરીને દાટવું.

(૪) પ્રેતદોષ નિવારણઃ સુદ-૧૪-૧૫ના દિવસે અથવા વદ ૧૪ના દિવસે નવચંડી યજ્ઞ કરીને જે જગ્યાની આઠેય દિશામાં બલિદાન મૂકવું.ત્યાર બાદ બકરા તથા રિંછના વાળ, રાઈ, ગુગળ અને હળદરનો ધૂપ ચારે તરફ આપવો.

(૫) ભુજંગદોષ નિવારણઃ આ માટે જગ્યામાં દર સુદ પાંચમના દિવસે ચારે તરફ દૂધ છાંટવું તથા ચાંદીના કે ધાતુના પાંચ નાગ લઈને તેના પર પ્રાણ-પ્રતિષ્ઠા, પૂજા કરાવીને ચારે દિશાના ખૂણામાં મૂકવા. તથા મેઈન દરવાજો હોય ત્યાં મધ્યમમાં મૂકવો.

(૬) ગંધર્વદોષ નિવારણઃ આ માટે ઉત્તરા ફાલ્ગુની, ઉત્તરાષાઢા તથા ઉત્તરાભાદ્ર નક્ષત્રના દિવસે જગ્યામાં હોમ કરાવવો તથા માલિકે તે દિવસે જાતે પીપળાના વૃક્ષ પાસે જઈને વૃક્ષને પ્રાર્થના કરી તેનું મૂળ કાઢી લાવવું અને તે શુદ્ધ કરીને જગ્યામાં ઉગમણી દિશા તરફના ઈશાન ખૂણામાં રેશમી વસ્ત્રમાં વીંટીને લટકાવવું.

(૭) અસુરદોષઃ આ માટે પોતાની જગ્યામાં વિદ્વાન બ્રાહ્મણ પાસે પ્રથમ ૧૧ લઘુરુદ્ર કરાવવા... પછી હોમાત્મક લઘુરુદ્ર કરીને અપામાર્ગે અઘેડોનું મૂળ લાવી તે શુદ્ધ કરીને તેને દક્ષિણ દિશા તરફ મધ્યમાં ભાગની અંદર દાટી દેવું. તેની ઉપર સાથિયો કરીને ત્યાં પૂજન કરવું.

ઉપરોક્ત દોષોનું ક્યારેય શમન ના કરાવ્યું હોય તો જમીનમાં તકલીફ જોવા મળે છે. પરંતુ જે લોકો જમીન-ભૂમિમાં કોઈ દોષ હોય તોપણ ઘર, ફેક્ટરી, ઓફિસમાં પૂજા-હવન કરાવી લેતા હોય છે તેથી ભૂમિ દોષ હેરાન નથી કરતો... છતાં પણ કોઈને પણ જમીનથી ઉપરોક્ત દોષોમાંથી કોઈ દોષ હોય અને તેનાથી જો હેરાન-પરેશાન થવાતું હોય તો તેનું નિવારણ બતાવ્યું છે. પરંતુ જાણકાર પાસે તેનું સચોટ વિધિવિધાન કરાવવાથી દોષ શાંત થઈ જાય છે અને સુખી સુખી થઈ જવાય છે. ધંધો પણ સારો ચાલે છે.

સચિન જીઆઈડીસીના કારખાનામાં એક વખત પ્રેતદોષ હતો. દરવાજા અંદર તે કોઈને જવા નહોતો દેતો. પછી અંદર હનુમાનજીનો મારુતિ યજ્ઞ કર્યો હતો. ત્યારબાદ પ્રેત હાજર કર્યો હતો. તે પ્રેત આગળ સિક્યુરિટી હતો તે કમોતે મરણ પામ્યો હતો અને પ્રેત થયો હતો. તેને મોક્ષ આપીને છુટકારો આપ્યો હતો. પછી કારખાનું ધમધોકાર ચાલવા લાગ્યું હતું.